# <u>જુનાગઢ મહાનગરપાલિકા - જુનાગઢ.</u>

**<u>જાહેરાત ક્રમાંક :-</u>**/JuMC/૨૦૨૧/૧ જુનાગઢ મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઇમરજન્સી વિભાગમાં **<u>ચિફ ફાયર ઓફિસર ની કુલ જગ્યા – ૧</u>** સીધી ભરતીથી ભરવા માટે નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઇટ https://junagadhmunicipal.org/ પરથી ડાઉનલોડ કરી સ્વહસ્તાક્ષરે ભરી, તમામ ડોકયુમેન્ટની પ્રમાણિત નકલ જોડી **તા.૩૦/૦૧/૨૦૨૧, ના રોજ સાંજના ૧૮:૧૦ કલાક સુધીમાં અત્રેની કચેરી એ.ડી.એમ. શાખા, રૂમ નં.૧૦૭** ને મળે તે રીતે અરજીઓ કરવાની રહેશે. સમય મર્યાદા બહારની અરજી સ્વીકારવા પાત્ર રહેશે નહી.

**જગ્યાનું નામ :- ચિફ ફાયર ઓફિસર કુલ જગ્યા – ૧**

**<u>સીધી ભરતીથી જગ્યાઓ ભરવાનું માહિતી દર્શાવતું પત્રક.</u>**

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **ભરવા પાત્ર કુલ જગ્યાઓ** |
|---|---|---|
| ૧ | **<u>ચિફ ફાયર ઓફિસર</u>** | ૧ |

**૧. શૈક્ષણિક લાયકાત :- <u>ચિફ ફાયર ઓફિસર</u>**

૧. માન્ય યુનિ.ના સ્નાતક અથવા સમકક્ષ

૨. કોમ્પ્યુટરનુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

૩. ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજીનુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

**ટેકનિકલ લાયકાત : -**

૧. નેશનલ ફાયર સર્વિસ કોલેજ(નાગપુર) નો ડિવીઝનલ ફાયર ઓફિસરનો કોર્ષ પાસ અથવા નેશનલ ફાયર સર્વિસ કોલેજ(નાગપુર) નો ફાયર ડિપ્લોમાં કોર્ષ પાસ કરેલ હોવો જોઇએ.

૨.હેવી મોટર વ્હિકલ ચલાવવાનું વેલીડ લાઇસન્સ ધરાવતા હોવા જોઇએ.

૩. તરતા આવડવું જોઇએ.

**શારીરિક લાયકાત : -**

(૧) શારીરિક રીતે તંદુરસ્ત હોવા જોઇએ.

(૨) લાલ-લીલા કલરના તફાવત જાણી શકતા હોવા જોઇએ.

| વર્ગ | ન્યુનતમ ઉચાઇ સેન્ટીમીટરમાં | છાતી (સેન્ટીમીટરમાં ન્યુનતમ) | | ન્યુનતમ વજન |
|---|---|---|---|---|
| | | ફુલાવ્યા વિના | ફુલાવીને | |
| મુળ ગુજરાતની અનુ.જનજાતિના | ૧૬૦ | ૮૧ | ૮૬ | ૫૦ કિલોગ્રામ |
| મુળ ગુજરાતની અનુ.જનજાતિના સિવાયના | ૧૬૦ | ૮૧ | ૮૬ | ૫૦ કિલોગ્રામ |

**નોંધ :- ફુલાવેલી છાતીનુ ન્યુનતમ વિસ્તરણ પાંચ સેન્ટીમીટરથી ઓછું હોવુ જોઇએ નહી.**

(૩) **નીચેના પૈકીની કોઇપણ શારીરિક ખામીઓ ધરાવતા ઉમેદવારોને આ જગ્યા માટે યોગ્ય ગણવામાં આવશે નહી.**

૧. નોક ની, (૨) પીજન ચેસ્ટ, (૩) સ્કિવન્ટ આઇ, (૪) ફલેટ ફીટ(સપાટ પગ), (૫) વેરીકોસ વેઇન્સ, (૬) હેમર ટીઝ, (૭) ફેકચર્ડ લિમ્બ (ખેંચાઇ ગયેટ પેશીઓ), (૮) ડીકેડ ટીથ (સડેલા દાત), (૯) સંસર્ગજન્ય રોગ અને (૧૦) ચર્મ રોગ.

(૪) તબીબી અધિકારીએ ઉમેદવારની તપાસ કરવી જોઇશે અને ઉપર જણાવ્યા પ્રમાણેના શારીરિક ધોરણોને વિચારણામાં લઇને યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવુ જોઇશે અને નીચેની બાબતો અંગે પણ પ્રમાણપત્ર આપવું જોઇએ. SHAPEI એટલે,

S મનોવૈજ્ઞાનિક, H શ્રવણ, A ઉપાંગ, P સામાન્ય કામની શારીરિક ક્ષમતા, E દ્રષ્ટિ,

I એટલે ઉપર જણાવેલ દરેક શીર્ષક હેઠળ સામાન્ય વ્યવસાયિક કાર્યો કરવા માટે તમામ રીતે યોગ્ય.

**૨. પગાર ધોરણ :-**

(૧) આ જગ્યાનું સાતમાં પગારપંચ મુજબ પે – મેટ્રિક્સ લેવલ – ૮ સ્કેલ **૪૪૯૦૦-૧૪૨૪૦૦** નું રહેશે. આ જગ્યામાં પસંદગી પામેલ ઉમેદવારને પ્રથમ બે વર્ષ માટે પ્રોબેશન પિરીયડમાં રાખવામાં આવશે. પ્રોબેશન પિરીયડ સારી અને સંતોષકારક રીતે પુર્ણ કર્યા બાદ જ કાયમી નિમણૂંક અંગેના અન્ય લાભો માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**3. ઉંમર :-**

અરજી સ્વિકારવાની છેલ્લી તારીખનાં રોજ ઉંમર ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ

**૪. વયમર્યાદા:-**

(૧) ૧૮ વર્ષથી ઓછી ઉંમરનો અને ૩૫ વર્ષથી વધુ ઉંમરનો ન હોવો જોઇએ.

(૨) મુળ ગુજરાતના હોય તેવા તમામ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર **૦૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે.**

**નોંધ :-**

(૧) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિનઅનામત કક્ષાના લાગુ પડશે.

(૨) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

**૫. અનામત જગ્યાઓની વિગત**

| ભરવાપાત્ર કુલ જગ્યા | બિન અનામત | | સા.શૈ.પ.વર્ગ | | અનુ. જાતિ | | અનુ. જનજાતિ | | આ.ન.વ. | | માજી સૈનિક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | |
| ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**(૨) વિધવા ઉમેદવારો માટે :-**

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે કોલમ સામે હા અવશ્ય લખવું. અન્યથા લાગુ પડતું નથી એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજીપત્રકમાં તે કોલમ સામે હા અવશ્ય લખવું. અન્યથા લાગુ પડતું નથી એમ દર્શાવવું.

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો, ઉમેદવારે નિમણુંક સતાધિકારી/ જુનાગઢ મહાનગરપાલિકા સમક્ષ પ્રમાણપત્ર ચકાસણી સમયે પુન: લગ્ન કરેલ નથી તેવું એફીડેવિટ અચુક રજુ કરવાનું રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇ મુજબ સ્પર્ધાત્મક પરીક્ષામાં તેઓએ મેળવેલ કુલ ગુણના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઇપણ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે વિધવા ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના

કોઇપણ તબક્કે વિધવા બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરે તો તેની રજુઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને વિધવા મહિલા ઉમેદવાર તરીકેના લાભ આપવામાં આવશે.

**(૬) કોમ્પ્યુટરની જાણકારી :-**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા-૧૩/૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ નં.સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩ ૨૦-ગ-૫, થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ તાલીમી માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઇએ અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડીપ્લોમા / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે, પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતા પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહિ. તેમજ નિમણૂંક સતાધિકારી/જુનાગઢ મહાનગરપાલિકા આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી રદ કરશે.

## જાહેરાતની સામાન્ય જોગવાઈ

**૧. નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક હોય અથવા

(ખ) નેપાળનો પ્રજાજન હોય અથવા

(ગ) ભુતાનનો પ્રજાજન હોય અથવા

(ધ) ટીબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલા આવેલા હોવા જોઇએ અથવા

(ચ) મુળ ભારતની વ્યકિત હોય કે જે, ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પકિસ્તાન(બાંગલાદેશ), બર્મા(મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સયુકત પ્રજાસત્તાક ટાંઝાનિયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા અથવા વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ)(ગ)(ધ) અને (ચ) માં આવતા ઉમેદવારના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

**<u>નોંધ :-</u>** જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક જુનાગઢ મહાનગરપાલિકા વિચારણામાં લેશે અને જો નિમણૂંક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો નિયમાનુસાર તેમનાં કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર ઉમેદવાર દ્વારા રજૂ કરવાની શરતે કામચલાઉ નિમણૂંક આપશે.

**૨. ભરેલા અરજીપત્રક:-**

(૧) અરજી સાથે બિન અનામત કક્ષાના અને આર્થિક અનામત કક્ષાના ઉમેદવારોએ **રૂા.૧૦૦/-** અને અન્ય અનામત કક્ષાના ઉમેદવારોએ **રૂા.૫૦/-** નો ડિમાન્ડ ડ્રાફટ **"કમિશનરશ્રી, મહાનગરપાલિકા, જુનાગઢ"** ના નામનો (નોનરીફંડેબલ) અરજીની સાથે જ જોડવાનો રહેશે. ફીની માફી માટે ઇચ્છુક ઉમેદવારોને જાતિ પ્રમાણપત્ર અને નોન ક્રિમીલેયર સર્ટીફીકેટની નકલ ફરજીયાત જોડવાની રહેશે.

(૨) નિતય ડિમાન્ડ ડ્રાફટ વગરની અરજી વિચારણામાં લેવામાં આવશે નહી.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યા અનામત ના હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) કોઈપણ સંજોગોમાં અરજી ફી પરત મળવા પાત્ર નથી.

**૩. શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ડોક્યુમેન્ટ વેરીફીકેશન વખતે ઉમેદવારે અરજીપત્રકમાં જણાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થાની માર્કશીટ (બધા જ વર્ષો/સેમેસ્ટર) ની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહીં.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્કદાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/ અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

**૪. ના વાંધા પ્રમાણપત્ર:-**

(૧) ગુજરાત સરકારના સરકારી/અર્ધસરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/ કર્મચારીઓ જુનાગઢ મહાનગરપાલિકાની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિ-૭ માં અચુક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તાને ઉમેદવારની અરજી સામે વાંધો હોય તો ૩૦ દિવસમાં જુનાગઢ મહાનગરપાલિકાને જાણ કરવાની રહેશે.

(૨) ઉમેદવાર પાસે માંગવામાં આવે ત્યારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**૫. ગેરલાયક ઉમેદવાર :-**

(૧) જુનાગઢ મહાનગરપાલિકા કે અન્ય મહાનગરપાલિકા અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી /સરકાર હસ્તક્ની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલા હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકીનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ્દ થવાને પાત્ર બનશે.

(૨) ફરજિયાત નિવૃત્તિ,રુખસદ, બરતરફ :-
અગાઉ ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તક ની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે. નિમણૂંક મળ્યા બાદ આ બાબત ધ્યાન ઉપર આવશે તો નિમણૂંક રદ કરવામાં આવશે.

**૬. અગત્યની જોગવાઈ:-**

(૧) જુનાગઢ મહાનગરપાલિકાના કે અન્ય સરકારી/અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતાં ઉમેદવારો જો ઉક્ત જગ્યાએ પસંદગી પામશે તો તેઓએ મૂળ જગ્યાએથી રાજીનામું આપ્યા બાદ જ નિમણૂંકની

જગ્યાએ હાજર થવાનું રહેશે તેમજ તેઓની અગાઉની બજાવેલ ફરજનો સમયગાળો નિયમ બધ્ધ કરી શકાશે નહીં/ ગણતરીમાં લેવામાં આવશે નહી

(૨) અરજી કરતા ઉમેદવારોએ અરજી ફોર્મમાં ભરવામાં આવેલ માહીતી / વિગતોમાં કોઇ ભુલ કે ક્ષતી કે ખોટી કરવામાં આવેલ હશે તો તે અરજી રદ ગણવામાં આવશે અને આ બાબતે કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

(૩) યુનિવર્સિટી અથવા કોઇ સંસ્થા માર્કસ **ટકાવારીને બદલે CPI/CGPA/SGPA/OGPA/ગ્રેડ દર્શાવતી હોય**, તો તેવા કિસ્સામાં ઉમેદવારે તે માર્કસને **યુનિવર્સિટી અથવા સંસ્થાના માન્ય સુત્રમાં ટકાવારીમાં ગણતરી કરી અરજી ફોર્મમાં ટકાવારી જ દર્શાવવાની રહેશે**. **જો કોઇ ઉમેદવાર અરજી ફોર્મમાં CPI / CGPA / SGPA / OGPA /ગ્રેડ દર્શાવશે તો તેઓની અરજી ધ્યાને લેવામાં આવશે નહિ, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**

(૪) એથલેટીક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન,બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલિબોલ, ટેનિસ, વેઈટ લિફ્ટિંગ, રેસ્લિંગ, બોક્સિંગ, સાઈક્લિંગ,જીમ્નેસ્ટિક, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી,ખો-ખો, તીરંદાજી,ઘોડેસવારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં (૧)રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા (૨) આંતર યુનિવર્સિટી અથવા (૩) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને માત્ર પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરિક્ષામાં મેળવેલ કુલ ગુણના ૦૫ (પાંચ)% ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫-૨-૧૯૮૦ ના ક્રમાંકઃ સી.આર.આર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨તથાતા.૧-૮-૧૯૯૦ના ઠરાવ ક્રમાંકઃસી.આર.આર/1188/3644/ ગ.2 માં નિયત કર્યા મુજબના સતાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર સમિતિ માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતનાં ગુણ માટે હકદાર થશે.

(૫) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રો કાઢી આપનાર સંસ્થાની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે જુનાગઢ મહાનગરપાલિકાની પસંદગી સમીતીનો નિર્ણય આખરી ગણાશે. જે દરેક ઉમેદવારને બંધનકર્તા રહેશે.

## ૭. ગેરવર્તુણુંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાઃ –

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહી, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડા કરવા નહી અથવા તેઓએ આવા ચેડા કરેલ / બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી, એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગત્તા જણાય તો તે વિસંગત્તાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર મહાનગરપાલિકા દ્વારા દોષિત જાહેર થયેલ અથવા થાય તો,

૧. તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા
૨. નામ બદલીને પરિક્ષા આપવી
૩. કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળકપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય
૪. બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય,
૫. અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય
૬. તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમીત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હયો
૭. કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય

૮. ઉતરવહીમાં અશલિલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય

૯. પરિક્ષા ખંડમાં કોઇપણરીતની ગેરવર્તણક આચરવી. જેવી કે, અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલીખીત સાહિત્યની મદદથી અથવા વાતચિત દ્વારા કે કોઇ સાંકેતીક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારો ને નકલ કરાવવાની ગેરરિતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે

૧૦. જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા પરિક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલ કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

૧૧. ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે સીધી અથવા આડકતરી રીતે જુનાગઢ મહાનગરપાલિકા પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકશે અને / અથવા

(ખ) તેને જુનાગઢ મહાનગરપાલિકા લે તેવી કોઇપણ પરિક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા લેવાનાર કોઇપણ પરિક્ષા કે પસંદગી માટે, અને

(૨) જુનાગઢ મહાનગરપાલિકા હેઠળની કોઇપણ નોકરીમાંથી મહાનગરપાલિકા દ્વારા ગેરલાયક ઠરાવી શકશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચીત નિયમો અનુસાર શિસ્તભંગના પગલા લઇ શકાશે.

૧૨. ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા ઉમેદવારને/ કર્મચારીને

(૧) આરોપનામામા તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામુ / હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમયમર્યામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

**૮. લેખીત/મૌખિક કસોટી :-**

(૧) લેખીત કસોટી જુનાગઢ શહેર ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે .

(૨) પસંદગી પામેલ/પ્રતીક્ષા યાદીમાં રાખવામાં આવેલ ઉમેદવારોને અસલ પ્રમાણપત્રો રજુ કરવાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો નિયત થયેલ સમય મર્યાદામાં રજુ કરશે નહીં તો તેઓનું નામ પસંદગી યાદી/પ્રતિક્ષા યાદી માંથી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

(૩) **પ્રતિક્ષા યાદી નિમણૂંક પત્ર ઇશ્યુ કર્યાની તારીખથી ૨(બે) વર્ષ સુધી અમલમાં રહેશે** અને ત્યારપછી તે આપોઆપ રદ ગણાશે. પસંદગી પામેલ ઉમેદવારો હાજર ન થાય અથવા તો હાજર થયા પછી તેઓની નિમણૂંક કોઇપણ કારણસર રદ થાય/નોકરી છોડીને જતા રહે/અવસાનના કિસ્સામાં જ પ્રતિક્ષાયાદીમાંથી નિમણૂંક કરવામાં આવશે.

(૪) **આ ભરતી પ્રક્રિયા બાબતે કમિશનરશ્રી, જુનાગઢ મહાનગરપાલિકા, જુનાગઢ જે નિર્ણય કરે તે આખરી અને દરેકને બંધનકર્તા રહેશે.**

કમિશનર
જુનાગઢ મહાનગરપાલિકા,
જુનાગઢ.